# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-01-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM ROJGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, સરકાર ભારત અને વિદેશમાં યુવાનો માટે નવી તકનું સર્જન કરવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે કહ્યું, ભારત અનેક દેશની સાથે વેપાર અને પરિવહન કરાર કરી રહ્યું છે, જેનાથી દેશના કુશળ યુવાનો માટે વિવિધ તકનું સર્જન થઈ રહ્યું છે. નવી દિલ્હીમાં વર્ચ્યૂઅલ માધ્યમથી 18-મા રાષ્ટ્રીય રોજગાર મેળાને સંબોધતાં શ્રી મોદીએ આ વાત કહી.

**(BYTE: PM NARENDRA MODI) – ROJGAR MELA**

આ મહત્વની પહેલ હેઠળ આજના કાર્યક્રમ દરમિયાન વિવિધ સરકારી વિભાગ અને સંગઠનમાં નિયુક્ત થયેલા 61 હજારથી વધુ યુવાનોને નિમણુક પત્ર એનાયત કરાયા.

શ્રી મોદીએ આજે 24 જાન્યુઆરીના દિવસને મહત્વનો ગણાવતા કહ્યું, આ જ દિવસે બંધારણે "જન ગણ મન"ને રાષ્ટ્રગાન અને "વંદે માતરમ્"ને રાષ્ટ્રગીત તરીકે માન્યતા આપી હતી. તેમણે રોજગાર મેળા અંગે કહ્યું, આ સંસ્થાકીય વ્યવસ્થા બની ગઈ છે અને લાખો યુવાનોને વિવિધ સરકારી વિભાગ તરફથી નિમણુકપત્ર મળી ગયા છે.

ઉલ્લેખનીય છે કે, 18-મો રોજગાર મેળો દેશભરના 45 સ્થળ પર યોજાયો હતો.

. . . . . . . . . . . . .

# GNR BSF ROJGAR CAMP

ગાંધીનગરમાં ચિલોરા BSF કૅમ્પ ખાતે યોજાયેલા રોજગાર મેળામાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા, BSFના I.G. અમિત પાઠક અને મેળામાં આવેલા ઉમેદવાર હાજર રહ્યા હતા. આ અંગે પત્રકારો સાથેની વાતચીતમાં સુશ્રી બાંભણિયાએ કહ્યું, ગાંધીનગરમાં 242 જેટલા ઉમેદવારને સરકારી નોકરી માટે નિમણૂકપત્રનું વર્ચ્યૂઅલ વિતરણ કરાયું છે.

(BYTE: NIMUBEN BAMBHANIA, MINISTER OF STATE)

. . . . . . . . . . . . .

# FLAG OFFICER MEET CM PATEL

ગુજરાત, દમણ અને દિવ નેવલ એરિયાના ફ્લેગ ઑફિસર કમાન્ડીંગ રિઅર ઍડમિરલ તનુ ગુરુએ આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત કરી. વર્ષ 1995-માં ભારતીય નૌસેનામાં જોડાયેલા શ્રી તનુ ગુરુ વર્ષ 2025ના નવેમ્બર મહિનાથી ગુજરાત, દમણ અને દિવ નેવલ એરિયાના ફ્લેગ ઑફિસર કમાન્ડીંગ તરીકે નિયુક્ત થયા હતા.

. . . . . . . . . . . . .

# RIVABA JADEJA SURENDRANAGAR

પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ આજે સુરેન્દ્રનગરમાં મૂળી તાલુકાની ટીડાણા પ્રાથમિક શાળાની મુલાકાત લીધી. તેમણે શાળાના અગ્રણીઓ પાસેથી શિક્ષણની ગુણવત્તા અને શાળાકીય સુવિધાઓ અંગે માહિતી મેળવી.

શાળાના આચાર્ય મહિપતસિંહ જેતાવત પાસેથી તેમણે શિક્ષકોના મહેકમ, વિદ્યાર્થીઓની સંખ્યા અને શાળાની પ્રવૃત્તિઓ અંગે માહિતી મેળવી તેમને જરૂરી માર્ગદર્શન આપ્યું. સુશ્રી જાડેજાએ બાળકો સાથે કમ્પ્યૂટર વિષયક પ્રશ્નોત્તરી કરી તેમનો ઉત્સાહ પણ વધાર્યો હતો.

. . . . . . . . . . . . .

# REPUBLIC DAY - DISTRICT

રાજ્યભરમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી માટેની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. ત્યારે

સાબરકાંઠા જિલ્લામાં ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીની પૂર્વ તૈયારીના ભાગરૂપે જિલ્લા કલેક્ટરે રીહર્સલ પરેડનું નિરીક્ષણ કર્યું. ઉપરાંત શાળાના વિધાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કર્યક્રમો રજૂ કરાયા.

પંચમહાલમાં જિલ્લા કક્ષાના ઉજવણીમાં હાલોલની એમ.એન્ડ વી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ગ્રાઉન્ડ ખાતે કૃષિ રાજ્યમંત્રી રમેશ કટારાના હસ્તે ધ્વજવંદન કરાશે.

. . . . . . . . . . . . .

# ARVALLI WATER RELEASE

અરવલ્લીના લોકો માટે જીવાદોરી સમાન ગણાતા વાત્રક જળાશયમાંથી 100 ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું. તેના કારણે ડાબા કાંઠાના માલપુર અને બાયડ તાલુકામાં ત્રણ હજાર જેટલા ખેડૂતોને રવિ પાકના સિંચન માટે પાણી મળી રહેશે તેમ વાત્રક નહેર સિંચાઈ વિભાગના અધિકારી સંસ્કાર બ્રહ્મભટ્ટે જણાવ્યું.

ઉલ્લેખનીય છે કે, ખેડૂતોએ 25 હજાર હેક્ટરથી વધુ જમીનમાં દિવેલા, રાયડો, બટાકા, ઘઉં, મકાઈ અને ચણા જેવા પાકની વાવણી કરી છે.

. . . . . . . . . . . . .

# VADODARA WPL MATCH

**મહિલાઓની પ્રીમિયર લીગ – WPL ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને દિલ્હી કૅપિટલ્સ વચ્ચે મુકાબલો થશે. વડોદરામાં કોટમ્બીના BCA સ્ટૅડિયમમાં આજે સાંજે સાડા સાત વાગ્યે આ 15-મી મૅચ શરૂ થશે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુની ટીમ સ્મૃતિ મંધાના અને દિલ્હી કૅપિટલ્સની ટીમ જેમિમાહ રોડ્રીગ્ઝની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે.**

**ઉલ્લેખનીય છે કે, WPL પૉઇન્ટ્સ ટૅબલમાં બેંગ્લુરુની ટીમ પહેલા અને દિલ્હી કૅપિટલ્સની ટીમ ચોથા ક્રમાંક પર છે.**

. . . . . . . . . . . . .